# શ્રી નિર્વાણ–મહોત્સવ

( ભેટે ઝૂલે છે તલવાર–રાગ )

નિર્વાણમહોત્સવ દિન આજ,
વીર પ્રભુ સિદ્ધ થયા છે.
વીર જિનેશ્વર સિદ્ધ થયા છે,
ગૌતમ કેવળજ્ઞાન...વીર૦
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં,
મુક્તિમાં બિરાજ્યા નાથ...વીર૦
અનાદિ દેહનો સંબંધ છૂટીને,
ચૈતન્ય ગોળો છૂટયો આજ...વીર૦
યોગ વિભાવનું કંપન છૂટયું,
અનંત અકંપતા આજ...વીર૦
અનંત અનંત ગુણ પર્યાયે પરિણમ્યા,
પ્રગટયો અગુરુલઘુ મહાન...વીર૦
પુનિત પગલાં કાલ હતાં ભરતમાં,
આજે થયા ચિદ્દબિંબ...વીર૦
કાલે વીરજી અરિહંત હતા,
આજે સિદ્ધ ભગવાન...વીર૦
ભરતક્ષેત્રે પાવાપુરીમાં,
સ્મરણ વીરનાં થાય...વીર૦
દેવ દેવેંદ્રો પાવાપુરીમાં ઊતર્યાં,
નિર્વાણમહોત્સવ કાજ...વીર૦
વિરહ પડયા આ ભરતક્ષેત્રમાં,
ત્રિલોકી નાથના આજ...વીર૦

હે વીર! હે વીર! ભરતક્ષેત્રમાં,
સેવક કરે તુને સાદ...વીર૦
સિદ્ધ મંદિરે નાથ બિરાજ્યા,
શાસનમાં જાગ્યા કોઈ સંત...વીર૦
સાદ સાંભળયો સેવક તણો એ,
જાગ્યા કુંદ-કહાન સંત...વીર૦
કુંદકુંદ-અમૃતાદિ-કહાનગુરુ પાકિયા,
શાસનના રક્ષણહાર...વીર૦
કહાનગુરુને શ્રુતસાગર ઊછળ્યા,
અમૃત વરસ્યા મેહ...વીર૦
આતમ આધાર એ અમ સેવકના,
શિવપુરનો એ સાથ...વીર૦

□